પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૦ | ૧૦ જુન, ૨૦૨૨, શુક્રવાર; જયેષ્ઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાષ્ટ્રપતિ માટે ૧૮મી જુલાઈએ મતદાન

## ૨૧ જુલાઈએ પરિણામ : રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદારોની કુલ સંખ્યા ૪૮૦૯ છે, જેમાંથી ૭૭૬ સાંસદ છે અને ૪૦૩૩ ધારાસભ્યો છે, હાલના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ ૨૪ જુલાઈના રોજ પૂર્ણ થઈ રહ્યો છે : ચૂંટણી પંચે રાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખો જાહેર કરી




નવી દિલ્હી,તા.૯

ચૂંટણી પંચ દ્વારા રાષ્ટ્રપતિ ચૂંટણી માટેની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. જુલાઈ ૧૮ના રોજ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન યોજાશે, જ્યારે ૨૧ જુલાઈના રોજ મતગણતરી કરવામાં આવશે. હાલના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ ૨૪ જુલાઈના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદારોની કુલ સંખ્યા ૪૮૦૯ છે, જેમાંથી ૭૭૬ સાંસદ છે અને ૪૦૩૩ ધારાસભ્યો છે.

રાષ્ટ્રપતિ ચૂંટણી માટેની તારીખોની જાહેરાત કરતાં ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ચૂંટણી ૨૦૨૨ માટે કુલ ૪૮૦૯ મતદારો વોટ આપશે. કોઈપણ રાજનૈતિક પાર્ટી પોતાના સભ્યોને વ્હીપ જાહેર કરી શકશે નહીં. સાંસદના એક મતનું મૂલ્ય ૭૦૦ હશે. જે લોકો નિવારક અટકાયતમાં હશે તે લોકો વોટ કરી શકશે. આ ઉપરાંત જે લોકો જેલમાં હશે તેઓને પેરોલ માટે અરજી કરવી પડશે, અને જો તેમને પેરોલ મળી જશે તો તેઓ વોટ આપી શકશે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે રાજ્યસભાની રસાકસીભરી ચૂંટણી

## ચારેય રાજ્યમાં એક-એક બેઠકને લઈને સંઘર્ષની સ્થિતિ, દરેક પક્ષ વિજય માટે એડીચોટીનું જોર લગાવવા સજ્જ

નવી દિલ્હી,તા.૯

રાજ્યસભાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણીને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. રાજ્યસભાની ૫૭ બેઠકો પૈકી ૧૬ બેઠકો પર ચૂંટણી યોજાશે. રાજ્યસભાની ૧૬ બેઠકો માટે ૧૦ જૂનના રોજ ૪ રાજ્યોમાં મતદાન થવા જઈ રહ્યું છે. જેમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને કર્ણાટકનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ૧૬ બેઠકોનું સંપૂર્ણ ગણિત નીચે રજૂ કરાયું છે.

મહારાષ્ટ્રમાં રાજ્યસભાની ૬ બેઠકો પર ચૂંટણી યોજાશે. આ ૬ બેઠકો પર કુલ ૭ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપના ૨ ઉમેદવારો તેમજ કોંગ્રેસ, એનસીપીઅને શિવસેનાના ૧-૧ ધારાસભ્યો આસાનીથી જીતી શકે છે. આ ઉપરાંત મહા વિકાસ અઘાડી (એમવીએ)માં સામેલ ૩ પક્ષો પાસે બીજી બેઠક જીતવા માટે વધારાના મત હશે. શિવસેના પોતાની બીજી બેઠક જીતવા માટે આ મતો પર નિર્ભર છે.

અહીંયા ૪ બેઠકો માટે સીધી રસાકસી જોવા



મળશે. કોંગ્રેસના ૩ ઉમેદવાર મુકુલ વાસનિક, રણદીપ સુરજેવાલા અને પ્રમોદ તિવારી મેદાનમાં છે. ત્રણેય ઉમેદવારો માટે ૧૨૩ ધારાસભ્યોના વોટની જરૂર છે. વિધાનસભામાં કોંગ્રેસના ૧૦૮ ધારાસભ્યો છે. એક આરએલડીના સુભાષ ગર્ગ

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાના કેસમાં ચિંતાજનક ઉછાળો

## ચોથી લહેરના ભણકારા : દેશમાં કોરોનાના નવા ૭૨૪૦ કેસ : ૮ લોકોએ જીવ ગુમાવ્યા

નવી દિલ્હી,તા.૯

દેશમાં વળી પાછા કારોનાના કેસ વધી રહ્યા છે જે જોતા ચોથી લહેરના ભણકારા વાગી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૭૨૪૦ કેસ નોંધાયા છે. કોરોનાથી એક દિવસમાં ૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. કોરોના સતત વધી રહેલા કેસે કેન્દ્ર અને રાજ્ય સરકારોની ચિંતા વધારી દીધી છે. પહેલી માર્ચ બાદ સૌથી વધુ નવા કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા ૭,૨૪૦ દર્દીઓ નોંધાયા છે. હાલ ૩૨,૪૯૮ દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોનાથી કુલ મૃત્યુની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૫૨૪૭૨૩ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. કોરોના માત આપવા માટે દેશમાં રસીકરણ અભિયાન પણ પૂરજોશમાં ચાલુ છે. અત્યાર સુધીમાં કોરોના રસીના ૧,૯૪,૫૯,૮૧,૬૯૧ ડોઝ અપાયા છે. જેમાં ગઈ કાલે અપાયેલા ૧૫,૪૩,૭૪૮ ડોઝ પણ સામેલ છે. અત્રે જણાવવાનું કે કોવિડના નવા સંક્રમણ મામલે સતત બીજા દિવસે એવું બન્યું છે કે નવા કેસમાં ૪૦ ટકા જેટલો વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દશમાં કુલ ૩૫૯૧ લોકો કોરોનાને માત આપીને રિકવર પણ થયા છે. સાજા થયેલા લોકોની સંખ્યા નવા દર્દીઓની સરખામણીમાં અડધા કરતા પણ ઓછી છે. ગુજરાતની વાત કરીએ તો લાંબા સમય પછી કોરોનાના ૧૦૦થી વધુ કેસ નોંધાયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૧૧ કેસ નોંધાયા જ્યારે ૨૯ દર્દીઓ સાજા થયા. કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૭ ટકા થયો છે.

# શિવ પર અભદ્ર ટિપ્પણી કરનારા એમએલસી સામે કેસ નોંધાયો

## સમાજવાદી પક્ષના નેતાની મુશ્કેલી વધી : બજરંગ દળના નેતાઓએ ફરિયાદ નોંધાવતા આરોપ લગાવ્યો હતો કે, લાલ બિહારી યાદવે હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડી છે

મુરાદાબાદ,તા.૯

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીના નેતા અને વિધાન પરિષદ (એમએલસી)ના સભ્ય લાલ બિહારી યાદવ વિરુદ્ધ



મુરાદાબાદના કંઠ પોલીસ સ્ટેશનમાં ભગવાન શિવ પર અભદ્ર ટિપ્પણી કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. બજરંગ દળના કાર્યકરોએ સમાજવાદી પાર્ટી નેતાની ટિપ્પણી અંગે ફરિયાદ કર્યા બાદ કેસ નોંધવામાં આવ્યો છે.

યાદવ પર ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૧૫૩એઅને ૧૫૩બીહેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપ છે કે, એક કથિત વીડિયોમાં એમએલસીયાદવે શિવલિંગ અને ભગવાન શિવ વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી છે.

બજરંગ દળના નેતાઓએ ફરિયાદ નોંધાવતા આરોપ લગાવ્યો હતો કે, લાલ બિહારી યાદવે હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. તમને જણવી દઈએ કે, આ નવો વિવાદ હાલમાં ચાલી રહેલા જ્ઞાનવાપી વિવાદ વચ્ચે આવ્યો છે. જ્યાં હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે, સર્વેક્ષણ દરમિયાન મસ્જિદના પરિસરમાં એક 'શિવલિંગ' મળી આવ્યું હતું. આવી જ એક ઘટનામાં બીજેપીનેતા નુપુર શર્માને ટીવી શો દરમિયાન કથિત વિવાદાસ્પદ ધાર્મિક ટિપ્પણી કરવા બદલ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# નૂપુર શર્મા સહિત નવ સામે પોલીસે એફઆઈઆર નોંધી

## નૂપુર શર્મા, નવીન કુમાર જિંદલ, શાદાબ ચૌહાણ, સબા નકવી, મૌલાના મુફ્તી નદીમ, અબ્દૂર રહેમાન, ગુલઝાર અંસારી, અનિલ કુમાર મીણા અને પૂજા શકુનનાં નામ સામેલ

નવી દિલ્હી,તા.૯

મોહમ્મદપયગંબર વિરુદ્ધ કથિત ટિપ્પણી કરવા બદલ ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્માની મુશ્કેલી વધી ગઈ છે. દિલ્હી પોલીસે ભાજપના પૂર્વ પ્રવક્તા નુપુર શર્મા અને દિલ્હી ભાજપના પૂર્વ નેતા નવીન કુમાર જિંદાલ સહિત સોશિયલ મીડિયા પર નફરત ફેલાવવા બદલ કેટલાક લોકો વિરુદ્ધ એફઆઈઆરનોંધી છે. જેમાં ભાજપની પૂર્વ પ્રવક્તા નૂપુર શર્મા અને દિલ્હી ભાજપના પૂર્વ નેતા નવીન કુમાર જિંદલનું નામ પણ સામેલ છે. દિલ્હી પોલીસે બુધવારે જણાવ્યું હતું કે, તેમણે કેટલાક લોકો સામે કેસ નોંધ્યો છે જેઓ કથિત રીતે નફરતના સંદેશાઓ ફેલાવી રહ્યા છે એટલે કે હેટ મેસેજ ફેલાવી રહ્યા છે. જુદા જુદા જૂથોને ઉશ્કેરી રહ્યા છે અને એવી સ્થિતિ સર્જી રહ્યા છે કે, જે જાહેર શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે હાનિકારક છે.



દિલ્હી પોલીસે જણાવ્યું કે, સ્પેશિયલ સેલના ઈન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન યુનિટે નુપુર શર્મા અને નવીન જિંદાલ સહિત લગભગ ૯ લોકો વિરુદ્ધ એફઆઈઆરનોંધી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે એફઆઈઆરમાં નૂપુર શર્મા, નવીન કુમાર જિંદલ, શાદાબ ચૌહાણ, સબા નકવી, મૌલાના મુફતી નદીમ, અબ્દૂર રહેમાન, ગુલઝાર અંસારી, અનિલ કુમાર મીણા અને પૂજા શકુનનું નામ સામેલ છે. આ બધા પર ઉશ્કેરણીજનક નિવેદન દ્વારા માહોલ ખરાબ કરવાનો આરોપ છે.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ કેપીએસ મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, એફઆઈઆરવિવિધ ધર્મો વિરુદ્ધ નિવેદનોથી સંબંધિત છે. મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, યુનિટ સાયબર સ્પેસ પર અશાંતિ પેદા કરવાના ઈરાદાથી જૂઠી અને ખોટી માહિતીને પ્રોત્સાહન આપવામાં વિવિધ સોશિયલ મીડિયા સંસ્થાઓની ભૂમિકાની તપાસ કરશે. તમને જણાવી દઈએ કે, ટીવી ડિબેટમાં કથિત વિવાદાસ્પદ ધાર્મિક ટિપ્પણી માટે ભાજપ નેતા નૂપુર શર્માને સસ્પેન્ડ કરવાના વિવાદ વચ્ચે આ મામલે સામે આવ્યો છે. આ અગાઉ નૂપુર શર્માની વિરુદ્ધ મુંબઈમાં પણ એફઆઈઆરનોંધવામાં આવી ચૂકી છે. પયગંબર મોહમ્મદ પર કથિત ટિપ્પણી બાદ નૂપુર શર્માને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. જેને લઈને દિલ્હી પોલીસે એફઆઈઆરનોંધી હતી અને નૂપુર શર્મા તથા તેમના પરિવારને સુરક્ષા પૂરી પાડી હતી.

# ઔવૈસી અને યતિ નરસિંહાનંદ સામે ફરિયાદ દાખલ કરાઈ

## ઉશ્કેરણીજનક ભાષણો બદલ દિલ્હી પોલીસે પગલાં લીધા





નવી દિલ્હી,તા.૯

દિલ્હી પોલીસે ઉશ્કેરણીજનક ભાષણો અને સોશિયલ મીડિયામાં નફરતભર્યા મેસેજ ફેલાવવા મામલે એક્શન લીધી છે.

દિલ્હી પોલીસના આઈએફએસઓ યુનિટે ઉશ્કેરણીજનક ભાષણ આપવાના કેસમાં અસદુદ્દીન ઓવૈસી અને સ્વામી યતિ નરસિંહાનંદ સામે એફઆઈઆર દાખલ કરી છે. અગાઉ આ યુનિટે નુપુર શર્મા અને નવીન કુમાર જિંદલ સામે પણ એફઆઈઆર નોંધી હતી.

પોલીસ સૂત્રોના કહેવા પ્રમાણે દિલ્હી પોલીસ નફરત ફેલાવનારા નિવેદનોથી વાતાવરણ બગાડનારાઓ સામે આકરી કાર્યવાહી ચાલુ રાખશે. નુપુર શર્માથી શરૂ કરીને નવીન જિંદલ સહિત ૯ લોકો સામેના આકરા વલણ બાદ એઆઈએમઆઈએમ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી અને સ્વામી યતિ નરસિંહાનંદ સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. તેમના સામે સોશિયલ મીડિયા દ્વારા સમાજમાં નફરત ફેલાવતા સંદેશાઓના પ્રસાર, ખોટી અફવાઓના ફેલાવા, ધાર્મિક સદભાવના બગાડવાના આરોપ સહિતની અન્ય કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે.

આ અગાઉ બુધવારે દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, તેમણે કેટલાક લોકો સામે કેસ નોંધ્યો છે.

# ક્રૂડનો ભાવ ૧૨૩ ડોલરની ૧૩ વર્ષની સૌથી ઊંચી સપાટી પર

## રિઝર્વ બેંકના અંદાજમાં ઇન્ડિયન બાસ્કેટ ઓફ ક્રૂડ ઓઇલ સરેરાશ ૧૦૫ ડોલર રહે તો ફુગાવો ૬.૭ ટકા રહે એવો અંદાજ

નવી દિલ્હી,તા.૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બુધવારે વ્યાજ દરમાં ૦.૫૦ ટકાના વધારાની જાહેરાત સાથે ગ્રાહક ભાવાંક આધારિત મોંઘવારી સરેરાશ ૬.૭ ટકા રહેશે એવો અંદાજ પણ રજૂ કર્યો હતો. આ અંદાજમાં બીજા જ દિવસે ભારત સામે મોંઘવારીની લડતમાં મોટો પડકાર આવીને ઉભો છે.

ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ૧૨૩ ડોલર પ્રતિ બેરલની ૧૩ વર્ષની ઊંચી સપાટીએ અત્યારે ચાલી રહ્યા છે. રિઝર્વ બેંકના અંદાજમાં ઈન્ડિયન બાસ્કેટ ઓફ ક્રૂડ ઓઈલ સરેરાશ ૧૦૫ ડોલર રહે તો ફુગાવો ૬.૭ ટકા રહે એવી શરત છે. ઈન્ડીયન બાસ્કેટ એટલે ભારતમાં ભાવ નક્કી કરવા માટે બ્રિટિશ બ્રેન્ટ અને ઓમાનના ક્રૂડના ભાવ આધારે ગણતરી થાય છે. મે ૨૦૨૨માં આ બાસ્કેટનો સરેરાશ ભાવ ૧૦૯.૫૧ ડોલર હતો અને તા. ૮ જૂનના રોજ તે ભાવ ૧૧૭ ડોલર પ્રતિ બેરલ આવ્યો છે. એટલે ઊંચા ક્રૂડના ભાવ ભારત માટે એક મોટો પડકાર છે.

ભારત તેની કુલ ક્રૂડ ઓઈલ જરૂરિયાતના ૮૪ ટકા આયાત કરે છે. રશિયા ઉપર વિવિધ દેશોએ પ્રતિબંધ મુક્યા પછી ભારત રશિયા પાસેથી સસ્તું ક્રૂડ મેળવવા પ્રયત્ન કરી રહ્યું છે. ક્રૂડ મળી પણ રહ્યું છે પણ તે હજુ કુલ આયાતનો એક અંશ જ છે. બીજું, આયાત માટે ડોલર ચૂકવવા પડે. ભારતનો રૂપિયો વિવિધ કારણોસર ડોલર સામે બુધવારે વિક્રમી નીચી સપાટી ૭૭.૮૧ ઉપર બંધ આવ્યો હતો.

# યુરોપીયન સંઘ પણ જુલાઈ-સપ્ટેમ્બરમાં વ્યાજ દર વધારશે

## બેંકે યુરોપીયન સંઘના અર્થતંત્રને ટેકો આપવા માટે છેલ્લા સાત વર્ષથી શરુ કરેલા બોન્ડ પરચેઝ પ્રોગ્રામનો આ મહિનાથી અંત લાવવાની પણ જાહેરાત કરી

ફ્રેંકફર્ટ,તા.૯

ફેડરલ રિઝર્વ, બેંક ઓફ ઓસ્ટ્રેલીયા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, દક્ષિણ કોરિયા બાદ હવે યુરોપીયન સંઘે પણ મોંઘવારી ઉપર કાબુ મેળવવા માટે વ્યાજ દર વધશે એવી જાહેરાત કરી છે. યુરોપીયન સેન્ટ્રલ બેંકે આજે જાહેરાત કરી હતી કે જુલાઈમાં ૦.૨૫ ટકા અને સપ્ટેમ્બરમાં બીજા ૦.૨૫ ટકા વ્યાજ દર વધારવામાં આવશે. આ સાથે બેંકે યુરોપીયન સંઘના અર્થતંત્રને ટેકો આપવા માટે છેલ્લા સાત વર્ષથી શરુ કરેલા બોન્ડ પરચેઝ પ્રોગ્રામનો આ મહિનાથી અંત લાવવાની પણ જાહેરાત કરી છે.

નાણા પ્રવાહિતા માટે બેંકો અને મોટા કોર્પોરેટના બોન્ડ ખરીદી યુરોપીયન સેન્ટ્રલ બેંક તેમને નાણા આપતી હતી. સાત વર્ષથી ચાલી રહેલી આ વ્યવસ્થા જૂનના અંતે બંધ થઈ જશે.

યુરો ઝોનમાં ફુગાવાનો દર છેલ્લા ૨૩ વર્ષમાં સૌથી ઉંચો ૮.૧ ટકા ચાલી રહ્યો છે જયારે સેન્ટ્રલ બેંકના વ્યાજના દર શૂન્યની નજીક છે. બુધવારે ભારતે ૦.૫૦ ટકા વ્યાજનો દર વધાર્યો હતો જયારે સેન્ટ્રલ બેંક ઓફ પોલેન્ડે પણ ૦.૭૫ ટકા વધારાની જાહેરાત કરી હતી.

# કરાચીમાં હિન્દુ મંદિરમાં મૂર્તિઓની તોડફોડ

કરાચી,તા.૯

પાકિસ્તાનમાં લઘુમતીઓની સ્થિતિ અંગે આપણે બધા જ જાણીએ છીએ. પાકિસ્તાનમાંથી ઘણીવાર ધાર્મિક ઉત્પીડનની ઘટનાઓ સામે આવતી હોય છે. તેવી જ એક ઘટના કરાચી ખાતે ઘટી છે જેમાં હિન્દુઓના મંદિર ઉપર હુમલો કરવામાં આવ્યો છે.પાકિસ્તાનના કરાચી શહેરમાં એક હિન્દુ મંદિરમાં દેવી-દેવતાઓની મૂર્તિઓની તોડફોડ કરવામાં આવી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે, બુધવારના રોજ કરાચીના કોરંગી વિસ્તારમાં આવેલા શ્રી મારી માતા મંદિરમાં દેવી-દેવતાઓની મૂર્તિઓની તોડફોડ કરવામાં આવી છે.

મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!

Zydus Hospitals Cancer Centre

ડૉ. સુપ્રીત ભટ્ટ
MS, M.Ch
મોંઢા અને ગળાના કેન્સર સર્જન
● 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
● 20000 થી વધુ સંતૃષ્ટ કેન્સર દર્દીઓની સારવાર

દર મહિનાના બીજા અને ચોથા શનિવારે

લક્ષણો:
● થાઇરોઇડ અને સ્વરપેટીના કેન્સર ● ગાલ, જીભ તેમજ જડબામાં છાલા પડવા ● મોંઢામાં સફેદ કે લાલ ચાંદા પડવા ● મોંઢાનું ઓછું ખુલવું ● અવાજમાં બદલાવ તેમજ ભારેપણું ● ખોરાક ગળવામાં તકલીફ પડવી ● ગળામાં સોજો કે ગાંઠ થવી

11-06-2022 (શનિવાર) | સાંજે 6.00 થી 8.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.